# ભારતિયા સંસ્કાર ધરાવતું એક અનોખું રી-હેબીલેશન સેન્ટર

Alameda Center



અમેરિકામાં આવક અને જાવકના પલ્લાને સમતોલ રાખવા પતિપત્ની બન્નેને જોબ કરવી અનિવાર્ય બને છે. ત્યારે આપણા વડીલો (વૃધ્ધ અને અશક્ત)ને રાખવા, તેમને સાચવવા, તેમને નિયમિત દવા અને ખોરાક પાણી આપવા આપણે અસમર્થ બનતા જઈએ છીએ. ત્યારે ન્યુજર્સીના પર્થ એમ્બોયમાં આવેલું અલ્મેડા સેન્ટર આશીર્વાદરૂપ બન્યું છે. આમ તો અહીં ઘણા નર્સીંગ હોમ આવેલા છે. પણ આ અલ્મેડા સેન્ટર જુદુ એટલા માટે પડે છે કે, આ નર્સિંગ હોમ ખાતે ભારતીય વાતાવરણ, ભારતીય ભોજન, ભારતીય ટીવી ચેનલ તેમજ રેડિયો કાર્યક્રમ ઉપરાંત આપણાં ધાર્મિક પુસ્તકો, ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, ભારતીય તબીબો અને નર્સોની સગવડ, જેથી આપણા વડીલો તેમના દર્દને સહેલાઈથી સમજાવી શકે છે.

આ નર્સીંગ હોમની મુલાકાત લેતા, ત્યાં રહેતા વડિલોને એટલા ખુશ દેખાતા હતા કે તેની વાત ન પૂછો. આ સેન્ટરમાં આપણા વડિલોની શારીરિક કાળજી તો પૂરેપૂરી લેવાય છે. એટલું જ નહિ પણ તે માનસિક રીતે પણ ભાગી ન પડે તે માટેની પણ પૂરેપૂરી કાળજી લેવાય છે. જેમ કે રક્ષાબંધનના તહેવાર નિમિત્તે બહેનો ભાઈને રક્ષાઓ બાંધે, પૂનમ આવે ત્યારે સત્યનારાયણની કથા થાય. અનુકુળતાએ મંદિરોમાં દર્શનાર્થે વડીલોને લઈ જવાય. દરેકને મનભાવતું ભોજન મળે. આપણા ધાર્મિક તહેવારોને અનુલક્ષીને વિવિધ જાતનું ભોજન પીરસવામાં આવે છે. તા. ૧૫ ઓગસ્ટના રોજ પર્લીનમાં આવેલા શ્રી દ્વારકાધીશ મંદિરમાં વડીલોને દર્શનાર્થે લઈ જવામાં આવ્યા હતા. ૨જી ઓકટોબર, ગાંધીજીના જન્મ દિવસે એક ભજનનો પ્રોગ્રામ પણ રાખવામાં આવેલો. દિવાળી નિમિત્તે નવેમ્બર તા. ૧૨ના રોજ અન્નકૂટ અને એક ગીત સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પાર્કિંગની વધુ સગવડ કરવા માટે આ કાર્યક્રમમાં આવવાના હોય તેમણે અગાઉથી તે. નં. ૭૩૨-૮૨૯-૯૧૭૮ પર જણાવવું.

અલમેડા સેન્ટર ન્યુ જર્સીના પર્થ એમ્બોયની એલ્મ સ્ટ્રીટ પર આવેલું એક વિશાળ નર્સીંગ હોમ છે. પાંચ માળના આ નર્સીંગ હોમમાં કુલ ૨૫૫ (માળ દીઠ ૫૩) જેટલા વડીલો તેનો લાભ લઈ શકે એટલી ક્ષમતા ધરાવે છે. માઈકલનો યહૂદી પરિવાર તેના માલિક છે. મુકુન્દભાઈ અને તેમના ધર્મપત્ની રમાબેન ઠાકર આ સેન્ટરના ૧૫ વર્ષ જૂના વિશ્વાસુ અને વરિષ્ઠ કર્મચારીઓ છે. આ સેન્ટરમાં આ પધ્ધતિની શરૂઆત કરનાર મુકુન્દ ઠાકર છે. તેઓ મૂળ આયુર્વેદીક ડોકટર છે. અમદાવાદની અખંડાનંદ આયુર્વેદીક કોલેજમાંથી તેમણે ૧૯૭૨માં બીએસએએમ કરેલું. ૧૯૮૭માં તેઓ અમેરિકા આવ્યા અને આ નર્સિંગ હોમમાં નોકરી શરૂ કરી. ત્યાં કામ કરતાં કરતાં તેઓએ અનુભવ્યું કે, આપણાં ભારતીય પરિવારમાં કોઈ વડીલને જ્યારે પણ નર્સીંગ હોમમાં મુકવાનો પ્રસંગ આવે ત્યારે આખું કુટુંબ ચિંતામાં મૂકાઈ જતું. તેમને પડતી રોજીંદી મુશ્કેલીઓથી તેઓ સજાગ થયા. અને ખાસ ભારતીયો માટે એક અલગ માળની સગવડ થાય તેવી ચર્ચા તેમને આ નર્સીંગ હોમના ચીફ સાથે કરી. અને ચીફે તે મંજુર રાખી. આજે તો આખો માળ આપણા વડીલોથી ભરાઈ ગયો છે. અને પ્રતિક્ષા યાદીમાં દાખલ થવા સારૂ, વધુ વડીલોના નામો નોંધાયા છે.

આખા યુ.એસ.એ.માં આવું સંપુર્ણ ભારતીય માહોલ ધરાવતું નર્સિંગ હોમ કોઈપણ સ્થળે હજુ સુધી નથી. એટલું જ નહિ પણ પશ્ચિમમાં આવેલ કોઈપણ દેશમાં આવું અનુપમ નર્સિંગ હોમ જોયું નથી. આમ આ નર્સિંગ હોમ ભારતિયો માટે અદ્વિતિય ગણાય. આ સિધ્ધિના પાયામાં મુકુન્દભાઈનો કઠોળ પરિશ્રમ રહેલો છે. અને સાથે સાત્વિક સંન્નિષ્ઠા સમાયેલી છે. જ્યાં નિષ્ઠા હોય ત્યાં ઈશ્વર સહાયભુત જરૂર થાય છે તેમાં કોઈ શક નથી.

આનંદની વાત એ છે કે આપણા વડિલો માટે અલમેડા સેન્ટરે આ નૂતન પ્રયોગના શ્રી ગણેશ કર્યા છે. તેને માટે શ્રી મુકુન્દભાઈને લાખ લાખ શુભેચ્છાઓ. તેઓ ખાસ કહે છે કે હું આ રીતે વડિલોની સેવા કરી મારા જ વાલીની સેવા કરતો હોઉં તેવું અનુભવું છું. અત્યાર સુધી મેં મારા માટે અને મારા પરિવાર માટે કામ કર્યું. શું મારી સમાજ પ્રત્યે કોઈ ફરજ નથી? માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ શું કેવળ પ્રસંગોપાત યાદ કરવા માટેના જ સૂત્રો છે? અને એ સૂત્રને અમેરિકામાં સાચા અર્થમાં ચરિતાર્થ કરવાનું મેં નક્કી કર્યું. આ ઉમદા કાર્યથી પ્રેરાઈને આવા અન્ય નર્સિંગ હોમો શરૂ થશે તેમાં બે મત નથી. પરંતુ સૌ પ્રથમ આવી સેવાની પ્રવૃત્તિ શરૂ કરનાર શ્રી મુકુન્દભાઈને ખુબ ખુબ અભિનંદન.

વધુ માહિતી માટે
૭૩૨-૮૨૯-૯૧૭૮ ઉપર સંપર્ક સાધવા વિનંતી છે.



